# F4 ૪.૧.૧. આગમ વાચનાઓ.

આગમ વાચનાઓ એટલે જૈન ધર્મના ધર્મ (આગમ) ગ્રંથોનું સંરક્ષણ અને સંવર્ધન.

ભગવાન મહાવીરે ૧૧ ગણધરોને આપેલી ત્રિપદીના વિસ્તારરૂપ જે સમગ્ર દ્વાદશાંગી રચી, તે જૈન આગમો , એ જૈન ધર્મનો પ્રાણ ગણાય છે. તે સર્વ શ્રુતજ્ઞાનની પરંપરા ગુરુશિષ્યાના માધ્યમે આગળ વધતી હતી. તે કાલે લેખન–વાંચના દ્વારા જ્ઞાન આપવાની પ્રથા ન હતી. પરંતુ તે આગમોને પરસ્પર મુખપાઠ (મોંઢે) તીવ્ર મેઘા અને સ્મ્રણ શક્તિથી યાદ રાખી કરતાં હતાં.

સમય જતાં રાજ્યમાં બહુ મોટા દુકાળો પડયા અને આ શ્રુતજ્ઞાનરૂપી આગમો વિસ્મૃત થવા લાગ્યાં ત્યારે દ્વાદશાંગી જૈન આચાર્યોએ સર્વ સંમત્તિપૂર્વક જૈન આગમોની વાચના (સૂત્રઆગમ પાઠના વિચાર–વિનિમય અને આદાન–પ્રદાન) દ્વારા ઉપલબ્ધ શ્રુતજ્ઞાનનું સંરક્ષણ કરાયું અને તે આગમ વાચનાઓ તરીકે પ્રસિદ્ધ થઈ.

jainuniversity.org

<u>પાટલિપુત્ર વાચના :</u>

જૈન પરંપરાનાં અનુસાર મહાવીર નિર્વાણના લગભગ ૧૬૦ વર્ષ પછી (ઈ.સ. પૂર્વ લગભગ ૩૬૭) ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં, મગધમાં ભયંકર દુકાળ પડ્યો. જેનાથી અનેક જૈન ભિક્ષુઓ એ ભદ્રબાહુજીના નેતૃત્વમાં સમુદ્ર દેશો તરફ પ્રસ્થાન કરી ગયા. બાકી રહ્યાં તે સ્થૂલભદ્રજીના નેતૃત્વમાં ત્યાં જ રહ્યા. દુષ્કાળ સમાપ્ત થઈ જવા પછી સ્થૂલભદ્રજીએ પાટલિપુત્રમાં જૈન શ્રમણોનું એક સમ્મેલન બોલાવ્યું, જેમાં શ્રુતજ્ઞાનને વ્યવસ્થિત કરવામાં આવ્યું અને અગિયાર આગમોરૂપી આગમ અંગોનું સંકલન કરવામા આવ્યું, પરંતુ તેમાં દષ્ટિવાદ અને તેમાં અન્તર્નિહિત સાહિત્યને વ્યવસ્થિત ન કરી શકાયું. કારણકે તેના વિશિષ્ટ જ્ઞાતા ભદ્રબાહુજી તે સમયે નેપાળમાં હતાં. સંઘની વિશેષ પ્રાર્થનાથી તેમણે સ્થૂલિભદ્ર વિજય આદિ કેટલાક મુનિઓને પૂર્વસાહિત્યની વાચના આપવાનો સ્વીકાર કર્યો. સ્થૂલિભદ્રજી પણ દસ પૂર્વો સુધીનું અધ્યયન અર્થ સહિત કરી શકયા અને શેષ ચાર પૂર્વોનું માત્ર શાબ્દિક જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા.

આ પ્રકારે પાટલિપુત્રની વાચનામાં દ્વાદશ અંગોને સુવ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને તેમાં અગિયાર અંગોને સુરક્ષિત કરી શકાયાં.

<u>માથુરી વાચના :</u>

મહાવીર નિર્વાણના લગભગ ૮૨૭ કે ૮૪૦ વર્ષ પછી (ઈ.સ. ૩૦૦ થી ૩૧૩) આગમોને સુવ્યવસ્થિત રૂપ આપવા માટે આર્યસ્કંદિલના નેતૃત્વમાં મથુરામાં બીજું સંમેલન થયું. આ સમયે પણ એક મોટો દુષ્કાળ પડ્યો, જેનાથી સાધુઓને ભિક્ષા મળવાનું કઠિન થઈ ગયું. અને આગમોનો અભ્યાસ છૂટી જવાથી આગમ નષ્ટ પ્રાય: થઈ ગયા દુષ્કાળ સમાપ્ત થવા પર આ સમ્મેલનમાં જેને જે યાદ હતું તેને કાલિક શ્રુતના રૂપમાં એકત્રિત કરી લેવામાં આવ્યું. આને માથુરી વાચના કહેવામાં આવે છે.

<u>પ્રથમ વલ્લભી વાચના:</u>

કેટલાક લોકોનું કથન છે કે દુષ્કાળના સમયે શ્રુતનો નાશ ન થયો, પરંતુ આર્યસ્કંદિલ ને છોડીને અનેક મુખ્ય મુખ્ય અનુયોગધારી સાધુઓને એ પોતાના જીવનથી દૂર થવું પડ્યું. તે સમયે નાગાર્જુન સૂરિના નેતૃત્વમાં વલભીમાં એક બીજું સંમેલન ભરાયું, એમાં જે સૂત્રો વિસ્મૃત થતાં હતાં તેનું સ્મરણ કરીને સુવ્યવસ્થિત કરવામાં આવ્યાં. આગમોની આ વાચનાને પ્રથમ વલભી વાચના કહે છે.

<u>દ્વિતીય વલ્લભી વાચના:</u>

ત્યારબાદ લગભગ ૧૫૦ વર્ષ પછી મહાવીર નિર્વાણના લગભગ ૯૮૦ કે ૯૯૩ વર્ષ પછી (ઈ.સ. ૪૫૩ કે ૪૬૬) વલભીમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં ચોથું  સંમ્મેલન બોલાવવામાં આવ્યું. આ સંઘ સમવાયમાં આગમોના વિવિધ પાઠાન્તર અને વાચનાભેદ આદિનો સમન્વય કરીને માથુરી વાચનાના આધારે ૪૫ આગમોને સંકલિત કરી તેને લિપિબદ્ધ કરી દેવામાં આવ્યાં. પરંતુ બારમું અંગ દષ્ટિવાદ ધર્મગ્રંથ ઉપલબદ્ધ ન થઈ શક્યો, આથી તેને નષ્ટ (લુપ્ત) ઘોષિત કરવામાં આવ્યો.

# F4 ૪.૧.૨. આગમ પરિચય.

તીર્થ એટલે દ્વાદશાંગી. તીર્થંકર એટલે દ્વાદશાંગીને (પ્રરૂપક) જણાવનારા.

તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પ્રગટાવી સહુ પ્રથમ સમવસરણમાં બેસી બારષાર્ષદા સન્મુખ ચતુર્મુખે ધર્મદેશના આપે છે.

બીજ બુદ્ધિનાં નિધાન એવા શ્રી ગણધર ભગવંતો, તીર્થંકરોના મુખમાંથી નીકળેલા ત્રણસૂત્રો વચનોને ધારણ કરી શબ્દ રૂપે ગુંથે છે, અને તેનેજ દ્વાદશાંગીની રચના કહેવાય છે.

જેના દ્વારા વસ્તુ–તત્ત્વનું પરિપૂર્ણ જ્ઞાન થાય છે. સાચી શિક્ષા પ્રાપ્ત થાય છે. વિશેષ જ્ઞાન ઉપલબ્ધ થાય છે તેથી;

jainuniversity.org

જગતમાં એવું કોઈ શ્રુત નથી, એવું કોઈ તત્ત્વ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવી કોઈ વસ્તુ નથી જે મૂળ જિન આગમમાં ન હોય.

એક રીતે જોઈએ તો, જૈન ધર્મના સાહિત્ય જગતમાં હજારો –લાખો પુસ્તકો છે. દરેક વિષયોના નૈવિધ્ય સભર સેંકડો ગ્રંથો પણ છે. પરંતુ આ દરેક વિષય ગ્રંથોનું મૂલ 'આગમો' ગણાય છે. આ આગમો જૈન ધર્મના પરમ પવિત્ર અને પ્રમાણભૂત ગણાય છે. તે આગમોની સં–ચા એક કાળે ૮૪ હતી પરંતુ હાલ ૪૫ (પીસ્તાલીશ) છે. તેની ભાષા અર્ધમાગધી છે. આ પીસ્તાલીશ આગમોમાં સર્વ પ્રથમ આગમ આચારંગ સૂત્ર છે. જેમાં સાધુઓના શુદ્ધ આચાર અને વિચારો વગેરેનું સૂક્ષ્મ અને સૂત્રમય વર્ણન છે. અને ૪૫ આગમો પૈકી પાંચમું શ્રી વિવાહપન્નતિ (શ્રી ભગવતીજીસૂત્ર) આગમ સહુથી બૃહદ્ મનાય છે. દરેક આગમોમાં ચોક્કસ વિષયોના વર્ણનો છે. જેમકે આચારાંગ એ પહેલું અંગ છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય વગેરે આચારો તથા ગોચરી, વિનય, શિક્ષા, ભાષા, અભાષા, સદ્ વર્તન ક્રિયા વર્ણન છે. બીજું અંગ સૂત્રકૃતાંગ છે. એમાં લોક, અલોક, લોકાલોક જીવ, સમય તથા ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદી–એમ ૩૬૩ મતોનું ખંડન કરી અનેકાન્તિક મંતવ્ય રજૂ કર્યું છે. સ્થાનાંગ સૂત્રમાં જીવ, સમય, લોક તથા ભૂગોળની સ્થાપના છે. સમવાયાંગ સૂત્રમાં એકથી આરંભ ૧૦૧ સંખ્યાવાળા પદાર્થોના નિર્ણયને તથા દ્વાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું છે. વ્યાખ્યા–પ્રજ્ઞપ્તિ સૂત્રમાં જીવાદિનું તલસ્પર્શી વિવેચન છે. જ્ઞાતાધર્મકથામાં દરેક કથાનાયકનું જન્મભૂમિથી મોક્ષ સુધીનું વર્ણન છે. ઉપાશકદશામાં શ્રમણોપાસકના જીવનચારિત્રો છે. અંતકૃદ્દશામાં મોક્ષગામીઓનાં જીવનો છે. પ્રશ્ન વ્યાકરણમાં પુછાતાં વિદ્યામંત્રો, ન પુછાતાં વિદ્યામંત્રો, મિશ્રપુછાતા વિદ્યામંત્રો અંગૂઠાદિના પ્રશ્નો, વિદ્યાતિશયો, દેવો સાથેના દેવી સંવાદો છે. વિપાકસૂત્રમાં સુખ – દુ:ખનાં કારણોની ચર્ચા છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે, પણ તે હાલ નાશ પામ્યું છે.

એકલા સુધર્માસ્વામીએ જ બધા આગમો લખ્યા નથી. ચોથું ઉપાંગ પ્રજ્ઞાપના શ્રી શ્યામાચાર્યે રચેલું છે. ચતુ: શરણસૂત્ર શ્રી વીરભદ્રગણીએ રચેલું છે. બીજા પયન્ના રચનારાના નામ હજુસુધી જણાયા નથી. છેદસૂત્રોમાં પહેલાં બે સિવાય બાકીના ભદ્રબાહુ સ્વામીએ રચ્યાં છે. મહાનિશિથ મૂળ ગણધર ભગવાન સુધર્માસ્વામીએ રચેલું, પણ તેનો ઉદ્ધાર શ્રી હરિભદ્રસૂરિએ કર્યો છે. નંદિસૂત્ર શ્રી દેવવાચકગણિએ રચ્યું છે. દશવૈકાલિકસૂત્રથી શયંભવસૂરિએ રચ્યું છે. પિંડનિર્યુક્તિ શ્રી ભદ્રબાહુસ્વામીએ રચી છે.

આમ આગમ શબ્દ તીર્થંકર મહાવીરના પ્રરૂપેલા સિદ્ધાંતો તત્ત્વો – ઉપદેશના વિવિધ વિષયક વર્ણનોના સંગ્રહરૂપ (મૂળભૂત ત્રિપદીના વિસ્તારરૂપ) છે. ભગવાન મહાવીર 'ઉપન્નેઈવા ધુવેઈવા વિગમેઈવા'એ ત્રણ જ શબ્દમાં સંસારના સમગ્ર જ્ઞાનનો સાર જણાવ્યો છે. સ્ત્રી બાળકો પણ સમજી શકે તેવી (જૈન) અર્ધમાગધી ભાષામાં તેઓ ઉપદેશ આપતા મુખ્ય શિષ્યો – ગણધરો ભગવાન મહાવીરના આ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવે છે અને બીજા તેનો મુખપાઠ કરી લે છે.

# F4 ૪.૧.૩. આગમોનું વર્ગીકરણ.

જીવનનો આધાર પવન–પાણી–પ્રકાશ–આહાર વિગેરે ગણાય છે. તેમ દરેક ધર્મનો આધાર મૂળભૂત શાસ્ત્રગ્રંથોની સમૃદ્ધિ તથા શિલ્પવૈભવ વિગેરે ગણાય છે.

હિન્દુઓમાં વેદ–ગીતા, ખ્રિસ્તીઓમાં બાઈબલ, મુસ્લિમોમાં કુરાને શરીફ, બૌદ્ધોમાં ત્રિપિટક જેમ મુખ્ય શાસ્ત્ર ગ્રંથ ગણાય છે. તેમ જૈનોમાં આગમો મૂળ– પવિત્ર ગ્રંથ ગણાય છે.

તે આગમો પીસ્તાલીશ (૪૫) છે. આ ૪૫ આગમો ૬ વિભાગમાં વહેંચાયેલા છે.

૪૫ (પીસ્તાલીશ) આગમો

| | | | |
|---|---|---|---|
| ૧. | ૧૧ અંગ | ૨. | ૧૨ ઉપાંગ |
| ૩. | ૧૦ પયન્ના | ૪. | ૬ છેદસૂત્ર |
| ૪. | ૨ સૂત્ર અને | ૬. | ૪ મૂળસૂત્ર |

૧૧ અંગ

| | | | |
|---|---|---|---|
| ૧. | આચારાંગ | ૨. | સૂત્રકૃતાંગ |
| ૩. | ઠાણાંગ | ૪. | સમવાયાંગ |
| ૫. | વિવાહપ્રજ્ઞપ્તિ અથવા ભગવતીજી | ૬. | જ્ઞાતાદર્મકથા |
| ૭. | ઉપાસકદશા | ૮. | અંતકૃતદશા |
| ૯. | અનુત્તરૌપપાતિક દશા | ૧૦. | પ્રશ્ન વ્યાકરણ |
| ૧૧. | વિપાકસૂત્ર અને | ૧૨. | દૃષ્ટિવાદ |

બારમું અંગ વિચ્છેદ જવાથી હાલ ૧૧ અંગો જ મળી શકે છે.

૧૨ ઉપાંગ

| | | | |
|---|---|---|---|
| ૧. | ઔપપાતિક | ૨. | રાજપ્રશ્નીય |
| ૩. | જીવાજીવાભિગમ | ૪. | પ્રજ્ઞાપના |
| ૫. | જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૬. | ચંદ્રપ્રજ્ઞપ્તિ |
| ૭. | સૂર્યપ્રજ્ઞપ્તિ | ૮. | નિરયાવલિયા |
| ૯. | કલ્પાવતંસિકા | ૧૦. | પુષ્પિકો |
| ૧૧. | પુષ્પચૂલિકા | ૧૨. | વૃષ્ણિદશા |

૧૦ પયન્ના

| | | | |
|---|---|---|---|
| ૧. | ચતુ:શરણ | ૨. | સંસ્તાર |
| ૩. | આતુરપ્રત્યાખ્યાન | ૪. | ભક્ત પરિજ્ઞા |
| ૫. | તંદુલવૈચાલિય | ૬. | ચંદાવિજય |
| ૭. | દેવેન્દ્રસ્તવ | ૮. | ગણિવિદ્યા |
| ૯. | મહાપ્રત્યાખ્યાન | ૧૦. | વીરસ્તવ |

૬ છેદસૂત્ર

| | | | |
|---|---|---|---|
| ૧. | નિશિથ સૂત્ર | ૨. | મહાનિશિથસૂત્ર |
| ૩. | વ્યવહારસૂત્ર | ૪. | દશાશ્રુતસ્કંધસૂત્ર |
| ૫. | બૃહત્કલ્પસૂત્ર | ૬. | જીતકલ્પસૂત્ર |

૨ સૂત્ર

| | | | |
|---|---|---|---|
| ૧. | નંદીસૂત્ર | ૨. | અનુયોગદ્વાર |

૪ મૂળસૂત્ર

| | | | |
|---|---|---|---|
| ૧. | આવશ્યક–ઓધનિયુક્તિસૂત્ર | ૨. | દશવૈકાલિકસૂત્ર |
| ૩. | ઓધ–નિર્યુક્તિ | ૪. | ઉત્તરાધ્યયનસૂત્ર |

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

| | | |
|---|---|---|
| ૧) | અંગ : | શ્રી આચારાંગ, ઠાણાંગ વિગેરે ૧૧ મૂળભૂત ગ્રંથો છે. કુલ ૧૨ અંગો હતાં પણ ૧૨મું દૃષ્ટિવાદ નામનું અંગ પ્રાયઃ ૧૫૦૦ વર્ષ પૂર્વે નાશ પામ્યું છે. તેથી હાલ તે ૧૧ છે. તેને દ્વાદશાંગી પણ કહે છે. |
| ૨) | ઉપાંગ : | શ્રી ઔપપાતિક સૂત્ર, શ્રી રાજપ્રશ્નીય વિગેરે ૧૨ ગ્રંથો છે. તે મૂળ અંગના વિસ્તારરૂપ ઉપાંગો છે. |
| ૩) | મૂલસૂત્ર : | શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વિગેરે ૪ સૂત્રો છે. તે મૂળ અંગ-ઉપાંગનાં સૂત્રો છે. |
| ૪) | છેદસૂત્ર: | શ્રી નિશિથ- શ્રી મહાનિશિય વિગેરે ૬ છેદસૂત્રો છે. તે આગમોના યોગ્ય-ગંભીર સૂત્રો છે. તે સાધુ માટે જ છે. જૈન શાસનના સર્વ ગ્રંથો સ્યાદ્‌વાદમય છે. એટલે ઉત્સર્ગ અને અપવાદને પણ સ્થાન અપાયું હોય જ તેમાં અપવાદ માર્ગને જણાવતાં આ ૬ છેદસૂત્રો છે. જે સુયોગ્ય સાધુ સિવાય કોઈને અધિકાર ગણાવ્યો નથી. |
| ૫) | પયન્ના : | શ્રી દેવિંદથય, શ્રી તંદુલવિયાલિય વિગેરે ૧૦ પ્રકીર્ણક સૂત્રો છે. તે પ્રભુવીરના શ્રુતને અનુસરીને બનાવેલા છે. |
| ૬) | ચૂલિકા : | શ્રી નંદીસૂત્ર, શ્રી અનુયોગદ્વાર સૂત્ર નામ ની બે જ ચૂલિકા સૂત્રો છે. અને તે દ્રવ્યાનુયોગના પ્રકારો ઉપપ્રકારો સ્વરુપ જ્ઞાનાદિ પાંચ પ્રકારોના વિશેષ વિવરણ રૂપ છે. |

આ ૪૫ આગમોને આર્યરક્ષિત સૂરિજીનામના આચાર્યે ૪ અનુયોગમાં વિભાજિત કરેલા છે. અને તેના નામ
૧) દ્રવ્યાનુયોગ, ૨) ગણિતાનુયોગ, ૩) ચરણ-કરણાનુયોગ, તથા ૪) ધર્મકથાનુયોગ.
૧) સૂત્ર, ૨) નિર્યુક્તિ, ૩) ભાષ્ય, ૪) ચૂર્ણિ, ૫) ટીકા ગ્રંથો સહિત ૪૫ આગમો બતાવ્યાં છે.

આગમ પરંપરામાં દિગંબરોની માન્યતા પ્રમાણે, એકપણ મૂળભૂત આગમ ઉપલબ્ધ નથી તેથી તેમના મતે બધું વિચ્છેદ થયું છે. સ્થાનકવાસીઓ ૩૨ આગમો સ્વીકારે છે. જ્યારે શ્વેતાંબરો ૪૫ આગમો સ્વીકારે છે અને પૂર્વે ૮૪ આગમો હતા તેવું પણ માને છે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

## F4 ૪.૧.૪. આગમોની ઉપયોગી વિશેષતાઓ.

જૈનાગમ જીવનના ક્ષેત્રમાં નવો સ્વર, નવો સાજ અને નવું શિલ્પ લઈને આવે છે. આત્માની શાશ્વત સત્તાનું નિરુપણ તેમાં જોવા મળે છે.

જૈન શાસનની સ્થાપના જિન આગમની સ્થાપના દ્વારા થાય છે., અને જૈન શાસનને ૨૧ હજાર વર્ષ સુધી ચાલુ રાખવામાં આગમોનો જ સિંહ ફાળો રહેવાનો છે. જૈન સાધુ સંસ્થાની આંખ, આ આગમ જ છે. શ્વાસ ગણો-પ્રાણ ગણો કે સર્વસ્વ ગણો આ આગમ જ જિન શાસનની જીવાદોરી છે. એટલે જ સંસાર સાગર તરવાના બે માર્ગ પૈકી એક જિનબિંબ અને બીજું જિનાગમ ગણાવ્યું છે.

જિન આગમના હાર્દને સમજવા માટે નય, નિક્ષેપ, પ્રમાણ સપ્તભંગી અને શ્રુત સિદ્ધાંતનો અભ્યાસ કરવો જરૂરી છે.

જિન આગમોનો અભ્યાસ કરનારને અવશ્ય પ્રતીતિ થશે કે જડ-ચેતન દ્રવ્યોનું આવું સ્વરૂપ બતાવનાર સર્વજ્ઞ-સર્વદર્શી સિવાય અન્ય કોઈ સંભવી ન શકે.

જિન આગમ એક મહાસાગર છે. તે વિશાળ, અનંત અર્થોથી ભરેલો, રહસ્યમય, ઊંડાણયુક્ત અને અત્યંત ગંભીર છે.

આ આગમોમાં વિશ્વની સંરચના, કુદરતનું અકળ ગણિત અને રહસ્યો, ગણિત-ભૂગોળ-ખગોળ-કાળનું સૂક્ષ્મ સ્વરુપ, વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો, વ્યાકરણ, શિલ્પ, સંગીત, નાટ્ય, નૃત્ય, જ્યોતિષ, વૈદક, જીવશાસ્ત્ર, કર્મની સચોટફિલોસોફી, ચૌદરાજલોકની સૂક્ષ્મ વિગતો, શ્રાવક ધર્મ સાધુ ધર્મ-દેશ પ્રેમ, સ્વાદ્‌વાદ, નય, નિક્ષેપ, પ્રમાણ, સેંકડો દ્રષ્ટાંતો, ચરિત્રો તથા સંપૂર્ણ જગતના સાર્વત્રિક કલ્યાણ અને સુખના સાચા રસ્તાઓ વિગેરે પુષ્કળ વિષયોનું સવિસ્તાર વર્ણન મળે છે.

જૈન ધર્મના આચાર-વિચાર-વિહારના મૂળભૂત સ્રોતો અહિં પ્રાપ્ત થાય છે. અણુવ્રત, મહાવ્રત, કઠોર તપની આરાધના, અષ્ટ કર્મ આદિનું વિશદ દર્શન થાય છે. આત્મ-સાધનાનું વૈજ્ઞાનિક અને માનસિકતાનું ક્રમબદ્ધ વર્ણન ઉપલબ્ધ થાય છે. બ્રહ્મવાદ અને આધ્યાત્મિક વિચારણાનું દાર્શનિક મહત્વ બતાવવામાં આવ્યું છે. તેમજ અનેક ઐતિહાસિક સત્ય ઘટનાઓ પણ ઉપલબ્ધ થાય છે. આ રીતે આગમોમાં સંસ્કૃતિ, ઈતિહાસ, દર્શન, સાહિત્ય-શાસ્ત્ર, કળા, મનોવિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિ વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર, આદિ વિષયોની વિશેષ રુપે જાણકારી પ્રાપ્ત થાય છે.

આમ જગતબોધ, જીવનબોધ, દિશાબોધ, સૂક્ષ્મજ્ઞાન, સામાન્યજ્ઞાન કે મૌલિકજ્ઞાનની ગંગા આ આગમગ્રંથો ગણાય છે. અને આ જ તેની વિશેષતા છે.માટે ૧૪૪૪ ગ્રંથના સર્જનહાર પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિ મ. સાહેબે કહ્યું છે.... દૂષમકાળના દોષોથી દૂષિત થયેલા અમારા જેવા અનાથ જીવોનું શું થાત, જો જિનાગમ ન હોત તો....?